**SARDAR PATEL UNIVERSITY**
**M.A. (IV Semester) Examination**
**Friday, 24 April 2015**
**2.30 pm - 5.30 pm**
**PA04EGUJ02 - Gujarati**
**Art of Film Appreciation (Old Course)**

**Total Marks : 70**

પ્ર.૧ હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. (૧૦)

(૧) ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને કયા હુલામણા નામે ઓળખવામાં આવે છે?
(અ) બોલીવૂડ (બ) હોલીવૂડ (ક) ઢોલીવૂડ (ડ) જોલીવૂડ

(૨) એક ઉપર બીજો શોટ મૂકીને દર્શાવાય તે પ્રયુક્તિને શું કહેવાય ?
(અ) ક્લોઝ અપ (બ) વાઈપ (ક) સુપર ઈમ્પોઝ (ડ) ટ્રોલી શોટ

(૩) જમણેથી ડાબે અને ડાબેથી જમણે જતી કેમેરાની ગતિને શું કહેવાય ?
(અ) ડોલી મુવમેન્ટ (બ) લો ઍન્ગલ (ક) ટીલ્ટ શોટ (ડ) પેન મુવમેન્ટ

(૪) વિખરાયેલો પ્રકાશ દર્શાવવા માટે કઈ લાઈટનો ઉપયોગ કરવામાં આવે છે ?
(અ) ફ્લેર લાઈટ (બ) કી લાઈટ (ક) ફ્લડ લાઈડ (ડ) નેચરલ લાઈટ

(૫) 'મિર્ચ મસાલા' ફિલ્મ કયા લેખકની વાર્તા ઉપર આધારિત છે ?
(અ) ધૂમકેતુ (બ) પન્નાલાલ પટેલ (ક) ચુનિલાલ મડિયા (ડ) રા.વિ. પાઠક

(૬) 'મિર્ચ મસાલા' ફિલ્મના દિગ્દર્શકનું નામ જણાવો.
(અ) કેતન મહેતા (બ) નસરુદ્દીન શાહ (ક) ચેતન મહેતા (ડ) રજત ધોળકિયા

(૭) 'મિર્ચ મસાલા' ફિલ્મમાં સોનબાઈનું પાત્ર ભજવનાર અભિનેત્રીનું નામ જણાવો.
(અ) દીપ્તિ નવલ (બ) દીના પાઠક (ક) સ્મિતા પાટીલ (ડ) રીટા ભાદુરી

(૮) 'કાશીનો દીકરો' ફિલ્મના દિગ્દર્શકનું નામ જણાવો.
(અ) કાન્તિ મડિયા (બ) નરેશ પટેલ (ક) પરેશ મહેતા (ડ) પ્રબોધ જોશી

(૯) 'કાશીનો દીકરો' ફિલ્મમાં કવિ રાવજી પટેલનું કયું ગીત લેવામાં આવ્યું છે?
(અ) રૂદિયાના રાજા... (બ) ગોરમાને પાંચે આંગળિયે...
(ક) મારી આંખે કંકુના સૂરજ... (ડ) સાંવરિયો રે મારો...

(૧૦) 'કાશીનો દીકરો' ફિલ્મમાં સંગીત કોણે આપ્યું છે ?
(અ) પ્રબોધ જોશી (બ) વિનોદીની નિલકંઠ
(ક) ક્ષેમુ દિવેટીયા (ડ) પરેશ મહેતા

પ્ર.૨ 'ફિલ્મ' એટલે શું ? તે સમજાવી ફિલ્મ નિર્માણ સાથે જોડાયેલ વિવિધ તબક્કાઓ વિશે વિગતે જણાવો. (૧૫)

**અથવા**

પ્ર.૨ ફિલ્મમાં પટકથાલેખન, દશ્યાંકન, ધ્વનિમુદ્રણ, પ્રકાશ આયોજન અને સંપાદનની પ્રક્રિયાનો વિગતે પરિચય કરાવો.

પ્ર.૩ કથા અને પટકથા વચ્ચેનો ભેદ દર્શાવી ટૂંકીવાર્તા અને ફિલ્મના કથાવસ્તુમાં રહેલા સામ્ય-ભેદનો પરિચય કરાવો. (૧૫)

**અથવા**

પ્ર.૩ નોંધ લખો. (બન્ને)

(૧) સાહિત્યકળા અને ફિલ્મકળા વચ્ચેનો તફાવત

(૨) ટૂંકીવાર્તા અને ફિલ્મમાં વસ્તુ

પ્ર.૪ નારી સંવેદનોને રજૂ કરતી ફિલ્મ તરીકે 'કાશીનો દીકરો' ફિલ્મનું મૂલ્યાંકન કરો. (૧૫)

**અથવા**

પ્ર.૪ નોંધ લખો. (બન્ને)

(૧) 'કાશીનો દીકરો' ફિલ્મમાં ગીત-સંગીત

(૨) 'કાશીનો દીકરો' ફિલ્મમાં પાત્રો

પ્ર.૫ 'મિર્ચ મસાલા'ના ફિલ્માન્તરણ માટે મૂળ ટૂંકીવાર્તામાં કરવા પડેલા ફેરફારો જણાવી, મિર્ચ મસાલા ફિલ્મની કથાની સમીક્ષા કરો. (૧૫)

**અથવા**

પ્ર.૫ નોંધ લખો. (બન્ને)

(૧) 'મિર્ચ મસાલા' ફિલ્મમાં નારીસંઘર્ષો

(૨) 'મિર્ચ મસાલા' ફિલ્મનું શીર્ષક

* * *